## ‘સ્પાર્ક પ્રોજેક્ટ’માં ધો. 6થી 8ના 340 શિક્ષકને તાલીમ અપાઈ

# IIT નિષ્ણાતો મ્યુનિ. સ્કૂલના વિદ્યાર્થીઓને ભણાવે છે

મનોજ કે. કારીઆ | મ્યુનિસિપલ સ્કૂલોનું શૈક્ષણિક સ્તર સુધારવા સ્કૂલ બોર્ડે ઓક્ટોબર, 17માં ‘સ્પાર્ક પ્રોજેક્ટ’ શરૂ કર્યો છે. તેમાં આઈઆઈટી, ગાંધીનગરના નિષ્ણાતો ગણિત અને વિજ્ઞાનના શિક્ષકોને તાલીમ આપે છે જ્યારે વિદ્યાર્થીઓને પ્રયોગો થકી ભણાવે છે. આઈઆઈટી, ગાંધીનગરના ડાયરેક્ટર સુધીર જૈન તથા સ્કૂલ બોર્ડ વચ્ચે 1 વર્ષ માટે એમઓયુ થયા છે.

આઈઆઈટીના 5 પ્રોફેસરે આ પ્રોજેક્ટ હાથ ધર્યો છે. પ્રોફેસરોએ ધો. 6થી 8ની 274 શાળાના 340 શિક્ષકને ઓક્ટોબરથી 2 દિવસની તાલીમ આપી હતી. હવે વિદ્યાર્થીઓને કૃતિઓ અને ગતિવિધિઓ થકી અભ્યાસ કરાવાય છે. સપ્તાહમાં દર મંગળવાર તથા ગુરુવારે આઈઆઈટીના એક્સપર્ટ કોર્પોરેશનની શાળાઓમાં વિદ્યાર્થીઓને ભણાવે છે જ્યારે બુધવારે વિદ્યાર્થીઓ આઈઆઈટી, ગાંધીનગરમાં અભ્યાસ કરવા જાય છે. અત્યાર સુધીમાં આ પ્રોફેસરોએ 61 શાળાના 14 હજાર વિદ્યાર્થીને ભણાવ્યા છે. તેની સામે 29 શાળાના 700 વિદ્યાર્થી આઈઆઈટીમાં અભ્યાસ કરવા જાય છે.



આઈઆઈટીના નિષ્ણાતો મ્યુનિસિપલ સ્કૂલના વિદ્યાર્થીઓને સપ્તાહમાં બે દિવસ શાળાઓમાં ભણાવે છે. એ જ રીતે વિદ્યાર્થીઓ એક દિવસ આઈઆઈટીમાં ભણવા જાય છે. આ સ્પાર્ક પ્રોજેક્ટ અંતર્ગત આવી 274 શાળામાં ભણાવવાનું ચાલુ રહેશે.

## 33 જિલ્લાની ઓફર કરી, 6ની મંજૂરી મળી

આઈઆઈટી ગાંધીનગરના ક્રિએટિવ લર્નિંગ ઈનિશિયેટિવના પ્રિન્સિપાલ કો-ઓર્ડિનેટર પ્રો. મનિષ જૈને કહ્યું કે તેમણે ગુજરાતના 33 જિલ્લામાં સરકારી સ્કૂલોનાં બાળકોને ભણાવવાની ઓફર કરી છે. જોકે હજી 6 જિલ્લાની મંજૂરી મળી છે. સરકારી શિક્ષણ સારું કરી શકાય તે હેતુસર કાનપુર, દિલ્હી, મુંબઈ અને બિકાનેર આઈઆઈટીમાં અભ્યાસ કરનારા આઈઆઈટીના 5 વિદ્યાર્થી ઊંચો પગાર છોડીને આ કાર્યમાં લાગ્યા છે. અત્યાર સુધીમાં તેઓએ દેશની 500 કેન્દ્રીય વિદ્યાલયના વિદ્યાર્થીઓને ભણાવ્યા હતા. છત્તીસગઢના 26 જિલ્લામાં 4 હજાર કાર્યશાળા યોજી હતી. 2012માં 73 દેશ વચ્ચે યોજાયેલી સ્પર્ધામાં તામિલનાડુ અને હિમાચલ પ્રદેશની હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં 73 દેશમાં ભારતનો 73મો નંબર આવ્યો હતો.

## તાલિમબદ્ધ 340માંથી રસ ધરાવતા 40 શિક્ષકને માર્ચમાં ફરી વાર તાલિમ અપાશે

મ્યુનિ. શાળાના 340 શિક્ષકને તાલિમ આપી છે. તેમાંથી રસ ધરાવનારા 40 જેટલા શિક્ષકને ફરીવાર માર્ચ, 2018માં બોલાવાશે. વિદ્યાર્થીઓને ગણિત અને વિજ્ઞાન પ્રત્યે રુચિ કેળવાય તે માટે કૃતિઓ અને ગતિવિધિઓ દ્વારા અભ્યાસ કરાવાય છે. આઈઆઈટીમાં આવે ત્યારે તેમને કેમ્પસથી માંડીને આઈઆઈટી, એન્જિનિયરિંગની જાણકારી સાથે ગણિત અને વિજ્ઞાનમાં કેવી રીતે મજા આવે તે રીતે ભણાવવામાં આવે છે. જેમ કે હવામાં ચુંબક દ્વારા ઊભી રહેનારી પેન વગેરે પ્રયોગ કરીને શિક્ષણ અપાય છે.’ »પ્રો. મનિષ જૈન, પ્રિન્સિપાલ કો-ઓર્ડિનેટર, ક્રિએટિવ લર્નિંગ ઈનિશિયેટિવ, આઈઆઈટી, ગાંધીનગર

## MoUની મુદત 2 વર્ષ લંબાવાશે

મ્યુનિસિપલ શાળાના વિદ્યાર્થીઓને ગણિત, વિજ્ઞાનમાં મોડેલ, પ્રયોગ અને કૃતિઓ થકી ટોપ લેવલની ફેકલ્ટી દ્વારા શિક્ષણ મળે તે હેતુસર અમે 1 વર્ષ માટે આઈઆઈટી, ગાંધીનગર સાથે એમઓયુ કર્યા છે. ગરીબ વિદ્યાર્થીઓને સહાયરૂપ થવા તેમને ખૂબ ઓછું વળતર ચૂકવાયું છે. અત્યાર સુધીમાં તેમને માત્ર 3 લાખની રકમ ચૂકવાઈ છે. આનો લાભ ગુજરાત સરકાર દ્વારા યોજાતા સાયન્સ ફેર તથા ઈનોવેશનના કાર્યક્રમમાં વધુ વિદ્યાર્થીઓ સારું પ્રદાન અને સારો દેખાવ કરે તે હેતુ પણ છે.’ »લગધીર દેસાઈ, શાસનાધિકારી, સ્કૂલ બોર્ડ